# શિક્ષણની વર્તમાન સ્થિતિ (સિક્કાની બીજી બાજુ)

ડૉ. જ્યંતીભાઈ આઈ. પટેલ
એસોસિએટ પ્રોફેસર
સ્વામી વિવેકાનંદ સર્વોદય એજ્યુ. કોલેજ,
મહેસાણા (ગુજરાત)

*આઝાદી પછી ભારતમાં શિક્ષણની ભૂખ ઉઘડી છે. શિક્ષણ ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચી ચૂક્યું છે. સરકારે અનેક યોજનાઓ ઘડી છે. શિક્ષણનો પ્રત્યેક તબક્કે વ્યાપ વધ્યો છે. શિક્ષણ બહુજન સમાજ માટે અનિવાર્ય બન્યું છે. કોઈપણ બાબતની વ્યાપકતા સર્જાય ત્યારે તેની ઉપયોગિતાની સાથે નવી સમસ્યાઓ પણ ઊભી થતી હોય છે. આજે શિક્ષણના પ્રચાર-પ્રસારની સાથે સંખ્યાત્મક વૃદ્ધિની સામે ગુણાત્મક બાજુ જોખમાઈ છે. કેટલીક નવી સમસ્યાઓ ઊભી થઈ છે. આજે શિક્ષણની વર્તમાન સ્થિતિ જોતાં શિક્ષણ અનેક સમસ્યાઓનો સામનો કરતું રહ્યું છે, જે નજર અંદાજ થઈ શકે એમ નથી. આ બાબતે શિક્ષણ સાથે સંકળાયેલા હિતેચ્છુઓએ સહચિંતન કરવાની આવશ્યકતા છે. આજે શિક્ષણની વર્તમાન સ્થિતિ વિશે નીચેના જેવી બાબતો સાંભળવા મળે છે.*

- *શાળાઓમાં પ્રવેશ માટે ખાનગી સંચાલકો દ્વારા મોટાં ડોનેશનો ઉઘરાવી વાલીઓની મજબૂરીનો ગેરલાભ ઊઠાવાય છે. આકાશ-પાતાળ એક કરી મોટું ડોનેશન આપી પ્રવેશ મેળવેલ વાલીનું બાળક જ્યારે નબળા પરિણામનો ભોગ બનતાં હતાશાનો ભોગ બનતાં ઠપકો મળતાં કેટલાય વિદ્યાર્થીઓ આપઘાત જેવું ઉતાવળિયું પગલું ભરવા માંડ્યા છે. ડોનેશનની બદી તેનું પરિણામ છે.*
- *કેટલીક સંસ્થાઓમાં જાત જાતની ફી ઉઘરાવવામાં આવતી હોવાથી વાલીઓનું આર્થિક શોષણ કરવામાં આવે છે. પેટ પૂરતો ખાડો પૂરી ન શકનાર વાલી કે ખેડૂત ખેતર વેચી બાળકની ફી ભરી રહ્યો છે.*
- *શિક્ષણક્ષેત્રે ટ્યુશનની બદી ફૂલીફાલી છે. સરકાર ટ્યૂશનપ્રથા બંધ કરવામાં નિષ્ફળ પૂરવાર થઈ છે. ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકો ફરજિયાત પણે ટ્યુશન કરવા લલચાય છે, આમ શિક્ષણક્ષેત્રે ટ્યુશન એક અનિવાર્ય અનિષ્ઠ બની ગયું છે.*
- *સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાન્સ) શાળાઓને સરકાર તરફથી આડેધડ મંજૂરીઓ આપવામાં આવે છે. પણ મોટા ભાગની સંસ્થાઓમાં ભૌતિક સુવિધાઓના નામે મીડુ જોવા મળે છે. આવી સંસ્થાઓ ઊંચી ફી લઈ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં પાછી પાની કરે છે. ગરીબ બાળકો તેનો ભોગ બને છે.*
- *વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અમર્યાદિત રીતે ભરવાના પરિપત્રો સરકાર દ્વારા થાય છે. નવા વર્ગો ઊભા કરવાની મંજૂરી આપી શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી. જેથી શિક્ષણનું ધોરણ કથળે છે. વિદ્યાર્થીઓથી*

ઊભરાતા વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખી શિક્ષણ આપી શકાતું નથી. તેથી અપવ્યય અને સ્થગિતતાની સમસ્યા હજૂ દૂર થઈ નથી.

- શિક્ષકો અને શાળાઓ પાસેથી વારંવાર કેટલીક માહિતીઓ બિનજરૂરી રીતે મંગાવવામાં આવે છે. આથી શિક્ષકો, આચાર્યો અને વહીવટી સ્ટાફ શિક્ષણમાં રોકાયેલો રહેવાના બદલે ફાઈલો એકઠી કરવામાં જ રોકાયેલો રહે છે. જેથી શિક્ષકો શિક્ષણકાર્યમાં ધ્યાન આપી શકતા નથી પરિણામે શિક્ષણકાર્યમાં સાતત્ય જોખમાય છે. જેથી વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે.
- શિક્ષકોને નોકરીમાં વધારે પડતું રક્ષણ મળવાથી તેમના શિક્ષણકાર્યમાં નિષ્ઠાનો અભાવ ઊભો થયો છે. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી શિક્ષકોની તાલીમની કર્મયોગી યોજના હેઠળ જે તાલીમાવર્ગો યોજાય છે, તેનું વર્ગખંડોમાં નિરાશાજનક ચિત્ર જોવા મળી રહ્યું છે.
- શિક્ષકોની ભરતીની પ્રક્રિયામાં મેરીટની પદ્ધતિમાં ખામીઓ જોવા મળે છે. અભિયોગ્યતા કસોટીઓ દ્વારા થતી ભરતીમાં ક્યારેક શિક્ષકના સમગ્ર શિક્ષણનાં વર્ષોની મહેનત ધોવાઈ જાય છે. ક્યારેક અભિયોગ્યતા કસોટીઓ (TAT/TET)માં સફળ થનાર પણ શિક્ષકના વ્યવસાયને અનુકૂળ ન હોય તેવા (અયોગ્ય) શિક્ષકોની ભરતી થતાં તેની અસર નિષ્ઠાવાળા શિક્ષકોની નિષ્ઠા પર થાય છે. ક્યારેક શિક્ષકના વ્યવસાયમાં શારીરિક કે માનસિક કે નૈતિક રીતે અયોગ્ય શિક્ષકો પણ શિક્ષણક્ષેત્રમાં ઘૂસી ગયા છે. જેની ખરાબ અસર શિક્ષણક્ષેત્રે થાય છે.
- શાળાઓને આપવામાં આવતી ગ્રાન્ટની નીતિ ઘણીવાર વૈજ્ઞાનિક નથી હોતી. કેટલીક જગ્યાએ આ ગ્રાન્ટની રકમ વપરાયા વગરની પડી રહે છે, તો કેટલીક જગ્યાએ ગ્રાન્ટની રકમ ઓછી પડે છે. નાણાંનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકતો નથી.
- રાજીનામાથી કે નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ પર શિક્ષકોની સમયસર ભરતી કરવામાં થતો વિલંબ પણ શાળાના શૈક્ષણિક વાતાવરણને બગાડે છે. ભરતીની લાંબીલચક વહીવટીય પ્રક્રિયાની પણ ખરાબ અસરો જોવા મળી રહી છે.
- પ્રાથમિક શિક્ષણનો નબળો પાયો ઉચ્ચ શિક્ષણ ઉપર ખરાબ અસરો પેદા કરે છે. પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનું વિષયવસ્તુ નબળું હોવાથી માધ્યમિક ક્ષેત્રે અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વધ્યું છે.
- ડીગ્રી અને નોકરીના સંબંધે જોડાયેલું શિક્ષણ વિદ્યાર્થીઓને માત્ર ડીગ્રી મેળવવા માટે આંધળી દોટ મૂકવા પ્રેરી રહ્યું છે. ડીગ્રી મેળવવાના મોહમાં કે માત્ર ટકા મેળવવાના મોહમાં વિદ્યાર્થીઓ પરીક્ષા પદ્ધતિમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો ભોગ બની રહ્યા છે. ડીગ્રી મેળવવામાં નિષ્ફળ જનાર વિદ્યાર્થીઓ હતાશાનો ભોગ બની રહ્યા છે.
- અંગ્રેજી કેળવણીની અસર હેઠળથી આપણું શિક્ષણ મુક્ત બન્યું નથી. 'શ્રમ પ્રત્યેની સૂગ' માંથી વિદ્યાર્થીઓ મુક્ત બન્યા નથી. સ્નાતક કે અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓને શ્રમ દ્વારા રોજગારી મેળવતાં શરમ-સંકોચ થાય છે. માત્ર 'વ્હાઈટ કોલર જોબ' નાં સ્વપ્નોમાં આજનો શિક્ષિત યુવાન રાચી રહ્યો છે.

- કેળવણી પ્રાપ્ત કરેલા યુવાનોમાં નૈતિક મૂલ્યોનો અભાવ વર્તાય છે. 'જીવનઘડતર માટે શિક્ષણ' નો છેદ ઊડી ગયો છે. લોકશાહીને અનુરૂપ મૂલ્યો જોવા મળતાં નથી. શિક્ષિત યુવાનોમાં નૈતિકતા, ભાઈચારો, સત્ય, અહિંસા, પ્રમાણિકતા જેવા ગુણો ખીલવવામાં આજનું શિક્ષણ નિષ્ફળ નીવડ્યું છે.
- શિક્ષિત બેકારી એ આજના શિક્ષણનું દૂષણ છે. યુવાનોને રોજગારી અપાવવામાં શિક્ષણ નબળું પૂરવાર થયું છે. રોજગારી ન મળતાં આપઘાતના કિસ્સા જોવા મળી રહ્યા છે.

આમ, શિક્ષણના સિક્કાની બીજી બાજુ ઝાંખી પડી રહી હોય ત્યારે શિક્ષણ જગત સાથે સંકળાયેલી વ્યક્તિઓ, સંસ્થાઓ કે સરકાર દ્વારા સહિયારો પુરુષાર્થ થાય અને કેળવણીનો સિક્કો તેની બંને બાજુએથી ચળકાટ પ્રાપ્ત કરે તે જરૂરી છે. શિક્ષણ જગત આજે ઘણી બાબતોમાં રળિયાત બન્યું છે, તેની ના પાડી શકાય એમ નથી. આઝાદી પૂર્વે અને આઝાદી પછી શિક્ષણ જગતની કાયાપલટ કરવા માટેના અનેક પ્રયત્નો થયા છે અને આજે થઈ રહ્યા છે, જેનાં મીઠાં ફળ પણ આજે આપણે ચાખી રહ્યા છીએ તે હકીકતને નજર અંદાજ ન કરતાં કેટલાંક માઠાં ફળોનો યોગ્ય ઉપચાર કરી આપણે તેની મીઠાશ વધારી શકીએ તો સાચા અર્થમાં આપણે ૨૧મી સદીમાં આવનારાં પરિવર્તનો અને પડકારોનો સામનો કરી શકીશું. પ્રવેશ માટેના ડોનેશનો, ઊંચી ફીનાં ધોરણો, ભૌતિક સુવિધાઓનો અભાવ, વિદ્યાર્થી ભરતી સામે શિક્ષકોની ભરતીની વ્યવસ્થાનો અભાવ, શિક્ષણ સિવાયના અન્ય કામોના ભારણ નીચે કચડાતા શિક્ષકો, શિક્ષકોમાં નિષ્ઠાની ઉણપ, ટ્યુશનની ઘેલછા, પ્રાથમિક શિક્ષણનું કથળતું ધોરણ, ડીગ્રી પાછળની આંધળી દોટ અને પરિણામે પરીક્ષા પદ્ધતિમાં જોવા મળતી ખામીઓ, શ્રમ પ્રત્યેની સૂગ, નૈતિક મૂલ્યોના ઘડતરમાં કેળવણી પ્રક્રિયાની પીછેહઠ, યુવાનોની બેરોજગારી અને હતાશા, રાષ્ટ્રીય સમસ્યાઓ પ્રત્યે આંખમીંચામણાં, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિનો અભાવ વગેરે જેવી મર્યાદાઓના કારણે કેળવણીની સિક્કાની બીજી બાજુ પોતાનો ચળકાય ગુમાવી ન બેસે તે જોવાની આપણી સહિયારી જવાબદારી બની રહે છે, ત્યારે તેના પ્રત્યે આંખમીચામણાં ન કરતાં તેના માટેના ઉપાયો વિચારવાનો સમય પાકી ગયો છે. કેળવણી રૂપી ખેતરમાં રોપેલા છોડની આજુબાજુ ઊગેલા ઉપરોક્ત નીદામણને વહેલી તકે દૂર કરવાની જરૂર છે. સાચા છોડ કરતાં નીંદામણને ખેડ-ખાતર વધારે મળવા માંડે ત્યારે નીંદામણ રૂપી નકામા છોડની વૃદ્ધિ પ્રક્રિયા ઝડપી બની જાય ત્યારે સાચા છોડને ખોરાકના અભાવમાં યોગ્ય માવજત મળી ન રહેતાં ઉપયોગી છોડ પીળા પડતા જઈ તંદુરસ્તી ગુમાવતા જાય છે, તેમાંથી યોગ્ય ઉત્પાદન લઈ શકાતું નથી. કેળવણી ક્ષેત્રમાંથી યોગ્ય વળતર મેળવવા માટે આ નીંદામણના છોડને સવેળા મૂળસોતા ઉખેડવા માટે આપણે કટિબદ્ધ બનીને સહિયારો પુરુષાર્થ કરીશું તો અવશ્ય આપણે ધાર્યું પરિણામ (ઉત્પાદન) મેળવી કેળવણીનો સિક્કો વધારે ઉપજાઉ બનાવી શકીશું અને તો જ કેળવણીની આવતી કાલનો સૂરજ અવશ્ય વધારે તેજસ્વી સ્વરૂપ ધારણ કરતો રહેશે એમાં શંકા નથી.

## સંદર્ભ

1. Aggarwal J. C. (2001). Development and Planning of Modern Education, Vikas Publishing House Pvt. Ltd., New Delhi.

2. Bhatnagar, Suresh (2000). Indian Education Today and Tomorrow, International Publishing House, Meerut.
3. Mukherjee S. N. (1980). Education in India: Today and Tomorrow, Acharya Book Depot, Baroda.
4. Powar, K. B. (2002). Indian Higher Education, Concept Publishing Company, New Delhi.
5. Rawat P. L.(1986). History of Indian Education, Ram Prasad and Sons, Agra.
6. ધનવંત મ. દેસાઈ (૧૯૮૨). ભારતમાં ઉચ્ચતર કેળવણીની પ્રવર્તમાન સમસ્યાઓ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
7. ________. (૧૯૬૯).અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ, વડોદરા યુનિવર્સિટી પ્રેસ.